**Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/11522/2026, Date: 03/07/2026 માં દર્શાવેલ ક્રમ ૦૬ ની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

## કુક-ખાનસમા(Cook)

(ક) **ભાગ-૧ લેખિત કસોટી-૧** : લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિથી, લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ધોરણ-૧૨ ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (OMR) રહેશે.

કુલ પ્રશ્નો : ૫૦, કુલ ગુણ : ૫૦, સમય : એક કલાકનો રહેશે.

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પાર્ટ-૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે. | ૩૦ | એક કલાક |
| પાર્ટ-૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૦ | |
| પાર્ટ-૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| | કુલ ગુણ : | ૫૦ | |

(૧) (i) પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે. (ii) દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. (iii) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. (V) દરેક પ્રશ્નનાં જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. (vi) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૧) (ii) ભાગ-૧ લેખિત પરીક્ષામાં ૪૦ ટકા કે તેનાથી વધુ ગુણ મેળવેલ તમામ ઉમેદવારોને ભાગ-૨ લેખિત(એમ.સી.ક્યુ.) પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

(ખ–૧)**ભાગ-૨ લેખિત કસોટી-૨** : ૫૦ ગુણ, સમયઃ એક કલાક

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પાર્ટ-૧ | સંબંધિત જગ્યાને લગતી કામગીરી / વિષયઘે અનુરૂપ પ્રશ્નો | ૫૦ | એક કલાક |
| | કુલ ગુણ : | ૫૦ | |

(ખ–૨) **વધારાની લાયકાત :** ૨૦ માર્કસ

(ગ) **લઘુત્તમ લાયકી ધોરણ** : પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે ભાગ-૧ લેખિત પરીક્ષા (૪૦ %) તથા ભાગ-૨ લેખિત (M.C.Q.) પરીક્ષા (૪૦ %) ગુણ રહેશે. ભાગ-૧ લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર ઉમેદવારોને જ ભાગ-૨ લેખિત (M.C.Q.) પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

(ઘ) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી ભાગ-૧ લેખિત પરીક્ષા-૧ તથા ભાગ-૨ લેખિત (M.C.Q.) પરીક્ષા માં મેળવેલ કુલ ગુણનાના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

(ચ) વર્ગ-૩ ના ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે ૧૦૦ માર્કસની ગણતરી નીચે મુજબ કરવી.

(૧) ભાગ-૧ લેખિત કસોટી-૧માં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા

(૨) ભાગ-૨ લેખિત (M.C.Q.) પરીક્ષા-૨માં મેળવેલ માર્કસને પ્રોરેટા ૪૦માં રૂપાંતરિત કરવા

(૩) **વધારાની લાયકાત** : ૨૦ માર્કસ

- સ્નાતક પદવી માટે : ૦૫ માર્કસ
- દરેક સ્નાતક પદવી માટે : ૦૫ માર્કસ પરંતુ વધુમાં વધુ ૧૦ માર્કસ.
- એ જ રીતે અનુભવ માટે એક વર્ષના એક માર્કસ લેખે વધુમાં વધુ ૧૦ માર્કસ આપી શકાશે પરંતુ અનુભવ જે તે જગ્યાની કામગીરી માટેનો જ ગણવાનો રહેશે.

(છ) પ્રતિક્ષાયાદી સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અનુસાર તૈયાર કરવામાં આવશે.

(જ) ઉમેદવાર પોતે ઉપરોક્ત જગ્યાઓની મેરીટ યાદી /પસંદગી યાદી/ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી/જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(ઝ) ડ્રાઈવર, કૂક-ખાનસમાની જગ્યાઓ માટેની પરીક્ષામાં સમાન મેરીટના કિસ્સામાં ટાઇબ્રેકર ગણવા સંદર્ભે નીચે મુજબનો નિયમ ધ્યાને લેવામાં આવશે.

i. સૌથી ઓછા ખોટા ઉત્તર આપનાર ઉમેદવાર

ii. સ્નાતક પરીક્ષામાં સૌથી વધુ Percentage મેળવનાર ઉમેદવાર

iii. ઉમેદવારની જન્મ તારીખને ધ્યાને લઈ વધુ ઉંમર ધરાવતા ઉમેદવાર

===xxxx========xxxx=======xxxx=========xxxx====